ગાંધીનગર સમાચાર
તા. ૨૩-૧-૨૦૧૨, બુધવાર

તંત્રી સ્થાનેથી.....

વેલકમ વજુભાઇ!

ગુજરાત વિધાનસભાના નવા અધ્યક્ષ તરીકે વરિષ્ઠ ભાજપી અગ્રણી શ્રી વજુભાઇ વાળાની નિયુક્તિ થઇ છે; 'પ્રોટેમ સ્પીકર' તરીકે નિમાયા છતાં એ પદ પરથી રાજીનામું આપનારા નેતા હવે સ્પીકર પદ સંભાળશે... ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તરીકે છેલ્લાં વર્ષોમાં સાવ જ નવા નિશાળીયા અથવા મુખ્યમંત્રીના ક્લ્યાગરા ધારાસભ્ય નીમાતા રહ્યાં છે, તે લોકશાહીની તબિયત માટે પણ ચિંતાજનક બાબત છે. વજુભાઈ વાળા એ પ્રણાલીમાં અપવાદરૂપ બની શકે એવું ગજું ધરાવતાં વજૂદવાળા નેતા છે એટલે એમની પાસે અળપાઇ ચૂકેલી સ્પીકર પદની ગરિમા પાછી પ્રસ્થાપિત કરવાની અપેક્ષા જરૂર રહેશે. ગુજરાત વિધાનસભાએ એની અર્ધશતાબ્દી પૂરી કરી છે. કલ્યાણજી મહેતા, માનસિંહજીભા રાણા, રાઘવજી લેઉઆ અને કુંદનલાલ ધોળકિયા જેવા મોટા ગજાના આગેવાનો આ પદ શોભાવતાં રહ્યાં છે. માધવસિંહ સોલંકી અને બાબુભાઈ જશભાઇ પટેલ જેવા ધુરંધરોને પોતાની ડાબી-જમણી આંખ ગણીને સરખું મહત્વ આપનારા સ્વ. કુંદનલાલ ધોળકિયાએ એમના યશસ્વી કાર્યકાળને અક્ષરદેહ પણ પ્રકાશિત કર્યો છે. એમને વિધાનસભાના અધ્યક્ષ માટે જરૂરી તટસ્થતા, વિષયજ્ઞાન, નિયમો અને કાયદા વિશેની ઊંડી સમજ ઉપરાંત ન્યાયાધીશ જેવી કઠોરતાનો પુરસ્કાર કર્યો છે. સ્પીકર એ કોઇ સામાન્ય નેતા નથી. એની ભૂમિકા મંત્રીમંડળના સભ્યો કરતાં મૂઠી ઊંચેરી છે. વિધાનસભા પરિસરમાં એનું એકચક્રી શાસન ચાલતું હોય છે. એને મળેલી સત્તાને ન્યાયપાલિકામાં પણ પડકારી શકાતી નથી. મુખ્યમંત્રી વિધાનસભાના નેતા ખરા, પરંતુ અધ્યક્ષનું આસન ઊંચું છે. મુખ્યમંત્રીએ પણ એમને 'સાહેબ' કહેવા પડે છે. અધ્યક્ષ જરૂર પડ્યે મુખ્યમંત્રીના કાન આમળી શકે, એમને મર્યાદામાં રહેવાનું કહી શકે. અધ્યક્ષ શાસક પક્ષમાંથી ચયૂંટાતો હોવાથી દેખીતી રીતે જ એ સરકાર સાથે શિંગડાં ભરાવવાનું પસંદ ન કરે; પરંતુ સત્યના ગળે ટૂંપો દેવાતો લાગે ત્યારે અધ્યક્ષની ખુરશી તે ધર્મરાજાનું સિંહાસન બની રહેવું જોઇએ. વજુભાઇના પુરોગામી અધ્યક્ષશ્રીઓમાં મુખ્યમંત્રી સામે ઊંચા અવાજે બોલવાની હિંમત નહોતી. વજુભાઈમાં એવી હિંમત છે, તે ખુદ મુખ્યમંત્રી પણ જાણે છે. જો કે, વજુભાઇ જેવા કુનેહબાજ અધ્યક્ષ ક્યારેય એમના પક્ષના મુખ્યમંત્રીને કે સરકારને ભોંઠપ લાગે એવું વર્તન ન જ કરે, એની પણ મુખ્યમંત્રીશ્રીને પાકી ખબર છે. એટલું જ નહિ, વિપક્ષની પાટલીઓ પર બેસનારા કેશુભાઇ પટેલ અને શંકરસિંહ વાઘેલા જેવા એમના એક સમયના સિનિયર સાથીઓ પણ એમની આ હેસિયતને પ્રમાણે છે. ખરૂં પૂછો તો વજુભાઇને સ્પીકર બનાવી મુખ્યમંત્રીએ એક કાંકરે બે-ચાર પક્ષી મારવાની નેમ રાખી છે. રમૂજી ટૂચકા અને ટિપ્પણી દ્વારા વજુભાઇ વિધાનસભા ગૃહને જીવંત પણ રાખશે અને 'વડીલો' ને કાબૂમાં પણ રાખશો. બીજી તરફ મંત્રીમંડળમાં નહી હોવાથી મુખ્યમંત્રીને હવે કોઇ 'વરિષ્ઠ'ની આમન્યા નહીં નડે, તે લટકામાં અશોક ભટ્ટ એક ધારાસભ્ય તરીકે આક્રમક હતા, મંત્રી તરીકે સફળ પ્રશાસક હતા, પરંતુ અધ્યક્ષ તરીકે આક્રમક હતા, મંત્રી તરીકે સફળ પ્રશાસક હતા, પરંતુ અધ્યક્ષ તરીકે તેમણે હરહંમેશ પક્ષના જ હિતમાં વર્તવાનું ચાલુ રાખી મુખ્યમંત્રીને અનુકૂળ નિર્ણયો લીધા જેથી ઉપર ઉલ્લેખેલા મહાન અધ્યક્ષોની પંગતમાં એમની પતરાળી ન પડે. હરિશ્ચંદ્ર પટેલ અને ધીરૂભાઇ શાહ ન્યાયવિદ્ અધ્યક્ષો હતા પરંતુ સ્વાસ્થ્યનો સહયોગ ન સાંપડવાથી એમની કારકિર્દી અધવચ્ચે જ આટોપાઇ ગઇ હતી. કોંગ્રેસની માધવસિંહ સોલંકી અને અમરસિંહ ચૌધરીની સરકાર વખતે મજૂર નેતા નટવરલાલ શાહ પ્રભાવશાળી છતાં પ્રજા સમાજવાદી જૂથ (સનત મહેતા, નરસિંહ મકવાણા, નવીનચંદ્ર રવાણી) સાથેની એમની દોસ્તી જાણીતી હતી. વજુભાઇ માટે ગુજરાતના ઇતિહાસમાં સૌથી વધારે વાર બજેટ રજૂ કરવાનો વિક્રમ નોંધાયેલા છે. ધારે તો તેઓ શ્રેષ્ઠ અધ્યક્ષોની હરોળમાં બેસવાનો નવો વિક્રમ સરજી શકે એમ છે. રાજપૂતનું લોહી છે, વળી પાછા કાઠિયાવાડનું પ્રતિનિધિત્વ કરે છે. મુખ્યમંત્રી માટે વજુભાઇએ જ પેટાચૂંટણી લડવા બેઠક ખાલી કરી આપેલી યાદ છે ને?

પ્રજાસત્તાદિને સરસ્વતી વિદ્યાલય દ્વારા જનજાગૃતિ રેલી

ગાંધીનગર, તા. ૨૨

સરસ્વતી વિદ્યાલયના વિદ્યાર્થીઓ દ્વારા જનજાગૃતિ રેલીનું આયોજન પ્રજાસત્તાક દિને કરેલ છે. જે સેકટર-૬ -૩-૪- ૫ માંથી થીઈ પરત ફરશે. જનજાગૃતિ રેલી દ્વારા સમાજની સમસ્યાઓની જાગૃતિ માટે ફરશે. જેમાં ગ્લોબલ વૉર્મીંગ, વ્યસન મુક્તિ, પર્યાવરણ, ઊર્જા બચત, નારી જાગૃત્તિ, પ્લાસ્ટિક પ્રદુષણ વગેરેનો હેતુ સમજાવશે.

મહાનગર પાલિકાના કોગ્રેંસ પક્ષનાનેતાશ્રી ચિમનભાઈ વિઝુંડા લીલી ઝંડી આપશે. સરસ્વતી વિદ્યાલય પરિવાર તરફથી વિનંતિ કરેલ છે કે રેલી જ્યારે આપના વિસ્તારમાં આવે ત્યારે સન્માન કરીને બાળકોને પ્રોત્સાહિત કરશો.

મહાનગર પાલિકાના સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેન શ્રી પ્રવિણભાઈ પટેલ શાળામાં ધ્વજવંદન કરાવશે. આ પ્રસંગે અનેક પદાધિકારીઓ મહાનુભાવો હાજર રહેનાર છે.

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં ખેલ મહાકુંભની વિવિધ સ્પર્ધાઓ યોજાશે

ગાંધીનગર, તા.૨૨

ખેલ મહાકુંભ- ૨૦૧૨ અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં ચાર ઝોનમાં તા. ૧૯ જાન્યુઆરી-૨૦૧૩થી તા. ૨૫મી જાન્યુઆરી-૨૦૧૩ દરમ્યાન વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરાવામાં આવ્યું છે.

જે અંતર્ગત આગામી તા. ૨૩મી જાન્યુઆરી- ૨૦૧૩ના રોજ ચેસ સ્પર્ધા ઝોન- એ ની શેઠ.સી.એમ. વિદ્યાલય, સેકટર-૨૩, ઝોન-બીની સ્વામી યોગાનંદ હાઈસ્કુલ, જીઈબી, ઝોન- સીની મહાત્મા ગાંધી વિદ્યા મંદિર, સેકટર- ૧૬, ઝોન-ડીની જે.એમ.ચૌધરી કન્યા વિદ્યાલય, સેકટર- ૭ ખાતે યોજાશે.

તા. ૨૪મી જાન્યુઆરી-૨૦૧૩ના રોજ યોગની સ્પર્ધા ઝોન-એ ની આર.સી.પટેલ હાઈસ્કુલ , સેકટર - ૨૩, ઝોન - બી ની સ્વામી યોગાનંદ હાઈસ્કુલ જી.ઈ.બી, ઝોન - સીની સ્વામીનારાયણધામ ઈન્ટરનેશનલ , ઘોળેશ્વર, તથા ઝોન - ડીની ેરણા વિદ્યાલય સેકટર- ૫ ખાતે યોજાશે.

એથ્લેટીકસની સ્પર્ધા તા. ૨૫ મી જાન્યુઆરી- ૨૦૧૩ના રોજ ઝોન-એ ની મહાત્મા ગાંધી વિદ્યાલય- સેકટર- ૧૬, ઝોન-બીની માઉન્ટ કાર્મેલ હાયર સેકન્ડરી, સેકટર- ૨૧, ઝોન-સીની સેન્ટ ઝેવિયર્સ, સેકટર-૮ અને ઝોન-ડીની જે.એમ.ચૌધરી કન્યા વિદ્યાલય, સેકટર- ૭, ગાંધીનગર ખાતે યોજાનાર છે.

ગાયત્રી પરીવાર દ્વારા ૨૫ કુંડી મહાયજ્ઞ પાલનપુરમાં યોજાયો

પાલનપુર, તા. ૨૨

પાલનપુર આબુરોડ હાઈવે પર આવેલ ગાયત્રી શક્તિપીઠના મંદિરે ત્રણ દિવસમાં સંસ્કાર સંવર્ધન ધાર્મિક કાર્યક્રમમાં યજ્ઞા પરાણ કથા જ્ઞાનયજ્ઞ ૨૫ કુંડીય ગાયત્રી મહાયજ્ઞમાં છસ્સોથી વધુ વિદ્યાર્થીઓ હવનમાં ભાગ લઈને સહભાગી બન્યા હતા. આ તમામ ધાર્મિક વિધિ માટે હરિદ્વાર શાંતિકુંજથી જોડાયેલા ગુરૂએ હવનની વિધિ તેમજ અમૃતવાણીનું રસપાન કરાવ્યું હતું. ગાયત્રી મંદિરે આમ તો વિવિધ ધાર્મિક કાર્યક્રમો કરવામાં આવે છે. અતિ શાંત વાતાવરણમાં ઉભા કરાયેલા મંદિરમાં રવિવારે દર્શન માટે ભક્તોની ભીડ પણ ભારે જોવા મળે છે. જેમાં ખાસ કરીને ધોરણ દસ અને બારમાં ભણતા વિદ્યાર્થીઓને ભગવતી દેવી અને મા ગાયત્રી દેવીની પ્રેરણાથી સરસ્વતિનું જ્ઞાન વધે તે ઉદ્દેશથી પંચકોશ જાગરણ ધ્યાન સૂર્ય ધ્યાનની સાથે મંત્ર જપ ૨૫ કુંડી ગાયત્રી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આશરે છસો જેટલા વિદ્યાર્થીઓ અને તેમના પરીવારજનોએ મહાયજ્ઞમાં ભાગ લીધો હતો. આ સાથે ગુરૂઓનું સન્માન મંત્રજપ જેવા કાર્યક્રમમાં હરિદ્વારથી પધારેલા ગાયત્રી પરિવારના મીનાક્ષીબેને કથાનું રસપાન કરાવ્યું હતું.

સી.આર.પી.એફ. કેમ્પ ગાંધીનગર ખાતે ૬- બટાલિયન નેશનલ ડિઝાસ્ટર રીસ્પોન્સ ફોર્સ દ્વારા કુદરતી આપતી સમયે બચાવ માટે વિકસાવેલા નવીન ઉપકરણોનું પ્રદર્શન યોજાયું હતું. જેમાં વિવિધ કેડરના અધિકારી તથા ગાંધીનગરની વિવિધ સ્કુલ- કોલેજોમાંથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ આ પ્રદર્શન નિહાળ્યું હતું. આ પ્રસંગ મુખ્ય મહેમાન પદે શ્રી કે. થોમસ, ડૉ. બી.કે સીંઘ ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર જિલ્લામાં ખેલ મહાકુંભ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ યોજાઈ

ગાંધીનગર, તા.૨૨

રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક -વૃતિ વિભાગ દ્વારા રમશે ગુજરાત, જીતશે ગુજરાતના સંદેશ સાથે સમગ્ર ગુજરાતમાં ખેલ મહાકુંભ-૨૦૧૨નું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં ખેલ મહાકુંભ-૨૦૧૨નો આરંભ તા. ૧૯મી જાન્યુઆરી-૨૦૧૩થી થયો છે. જિલ્લામાં આ અન્વયે જિલ્લા પંચાયત સીટ/ વોર્ડ કક્ષાએ, નગરપાલિકા/વોર્ડ કક્ષાએ, તાલુકા કક્ષા અને અન્ય વિવિધ સ્પર્ધાઓ યોજાનાર છે. જિલ્લાના રમતવીરો ખૂબ ઉત્સાહપૂર્વક ખેલ મહાકુંભની વિવિધ રમત સ્પર્ધામાં પોતાનું કૌશલ્ય દાખવી રહયાં છે. જિલ્લા પંચાયત સીટ/વોર્ડ કક્ષાનું સ્પર્ધાનો આરંભ તા ૧૯/૦૧/૧૩ના રોજ થયો છે. જેમાં ૧૯મી જાન્યુઆરી ના રોજ કબડ્ડી, ૨૦મી જાન્યુઆરીના રોજ ખો-ખો, તા. ૨૧મી જાન્યુઆરીના રોજ વોલીબોલ, તા. ૨૨મી જાન્યુઆરી ના રોજ શુટીંગબોલ અને ૨૨મી જાન્યુઆરીના રોજ રસ્સાખેંચ સ્પર્ધા યોજાઈ હતી તા. ૨૩મી જાન્યુઆરીના રોજ એથ્લેટીકસની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લાના ચાર નગરપાલિકા વિસ્તારમાં તા. ૧૯/૦૧ના રોજ કબડ્ડી, તા. ૨૦/૦૧ના રોજ ખો-ખો, ૨૧/૦૧ના રોજ વોલીબોલ, ૨૨/૦૧ના રોજ શુટીંગબોલ અને રસ્સાખેંચ સ્પર્ધા યોજાઈ હતી. તા. ૨૩/૦૧ના રોજ એથ્લેટીકસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૨૩મી જાન્યુઆરી- ૨૦૧૩ના રોજ એથ્લેટીકસ સ્પર્ધા કલોલ નગરપાલિકા વિસ્તારમાં પી.જે વખારીયા હાઈસ્કુલ, દહેગામ નગરપાલિકા વિસ્તારમાં મ્યુનિસિપલ બોયઝ હાઈસ્કુલ અને પેથાપુર નગરપાલિકા વિસ્તારમાં સ્કુલ ફોર એકસલન્સ શાળા ખાતે યોજાનાર છે. માણસા નગરપાલિકા વિસ્તારમાં એસ.ડી.આર્ટસ એન્ડ કોર્મસ. કોલેજ ખાતે એથ્લેટીકસની સ્પર્ધા યોજાશે. જિલ્લાના ચાર તાલુકાઓમાં તાલુકાકક્ષાની વિવિધ સ્પર્ધાનું સુચારું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તા. ૨૩મી જાન્યુઆરીના રોજ વોલીબોલ, તા. ૨૪મી જાન્યુઆરીના રોજ શુટીંગબોલ અને રસ્સાખેંચ અને તા. ૨૫મી જાન્યુઆરીના રોજ એથ્લેટીકસ યોજાશે. જેમાં માણસા તાલુકાની કે.જી.હાઈસ્કુલ, ચરાડા ખાતે વોલીબોલ, શુટીંગબોલ અને રસ્સાખેંચની સ્પર્ધા, પંચશીલ વિદ્યાલય ખરણા ખાતે કબડ્ડી, શ્રી આઈ.એચ. ચાવડા હાઈસ્કુલ, બિલોદરા ખાતે ખો-ખો, અને આર.બી.એલ.ડી.હાઈસ્કૂલ, માણસા ખાતે એથ્લેટીકસની સ્પર્ધા યોજાશે.

ગાંધીનગરમાં પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થિઓની પાંખી હાજરી

શાળાનો સમય મોડો કરવા વાલીઓની રજૂઆત

અમદાવાદ, તા.૨૨

ગાંધીનગર સહિત રાજ્યમાં કડકડતી ઠંડીના કારણે સવારનો સમય ધરાવતી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થિઓની પાંખી હાજરી જોવા મળી રહી છે. ઠંડીના ત્રાસથી વાલીઓ વિદ્યાર્થીઓને વહેલી સવારે સ્કુલમાં મુકવાનું ટાળી રહ્યા છે ત્યારે સવારની શાળાઓનો સમય મોડો કરવામાં વાલીઓ માંગ કરી રહ્યા છે.

ઉત્તરભારતમાં અવિરત થયેલ હિમવર્ષાના પગલે ગુજરાત ઠંડીના સકંજામાં સપડાયું છે. અમદાવાદ શહેરનું લઘુત્તમ તાપમાન છેલ્લાં કેટલાક દિવસથી ૧૦ ડિગ્રીની આજુ બાજુ નોંધાઈ રહ્યું છે. ત્યારે કડકડતી ઠંડીની લોકજીવન ઉપરની સાથે સાથે શૈક્ષણિક ક્ષેત્રો પણ વિપરીત અસર થઈ રહી છે. શહેરની સવારે ચાલતી પ્રાથમિક શાળાઓમાં બાળકોની પાંખી હાજરી જોવા મળી રહી છે. ઠંડીના કારણે વાલીઓ વિદ્યાર્થીઓને વહેલી સવારે શાળાએ મોકલવાનું ટાળતા જોવા મળી રહ્યા છે. આ સ્થિતી શહેરની મોટા ભાગની સવારનો સમય ધરાવતી પ્રાથમિક શાળાઓની છે.

મોટાભાગની સવારની શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે શાળાનો સમય સવારે સાત કલાકથી બપોરના ૧૨ કલાક સુધીનો હોય છે. આ માટે નાના બાળકોએ કડકડતી ઠંડીમાં પણ સવારે પાંચ વાગ્યે ઉઠવાની ફરજ પડે છે. આટલુંજ નહીં તેમણે સ્કુલો દ્વારા નાહીને સ્વચ્છ ગણવેશમાં આવવાની ફરજ પડતી હોવાથી હાઠ થીજવતી ઠંડીમાં પણ બાળકોએ વહેલાં તૈયાર થઈને સ્કુલે પહોંચવું પડે છે. જેનાં કારણે બાળકોને બીમારી લાગુ પડવાનો ભય રહે છે. જેથી મોટાભાગના વાલીઓ બાળકોને સવારની શાળાઓને સમય આઠ વાગ્યાનો કરવામાં આવે તેની માંગ કરી રહ્યા છે. આ અંગે એક બાળકના વાલી રમેશભાઈ ચૌહાણે જણાવ્યું હતું કે, જો શાળાઓનો સમય થોડો મોડો કરવામાં આવે તો બાળકોને આવી ઠંડીમાં વહેલી સવારે ઉઠવાથી મુક્તી મળે. એટલુંજ નહીં ઠંડીને ધ્યાનમાં રાખી શાળાએ બાળકોના ગણવેશ સંબંધી પણ કેટલીક છુટછાટ આપવી જોઈએ. જેથી બાળકોને ઠંડીમાંથી રક્ષણ મળી શકે.બીજી બાજુ નિદ્રાધીન જિલ્લા શિક્ષણ વિભાગના કચેરી ડી.ઓ.રજા ઉપર હોવાથી પોતે કોઈ નિર્ણય લેવામાં વિલંબ થઈ રહ્યો હોવાનું ગાણુ ગાઈ રહી છે.

ગાંધીનગર જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમમાં ૧,૨૨,૫૩૧ બાળકો આવરી લેવાયા

ગાંધીનગર, તા.૨૨

રાજયના આરોગ્ય વિભાગ દ્વારા બાળકોને પોષણક્ષમ આહાર, સ્વચ્છ વાતાવરણ, સલામત પીવાનું પાણી, આરોગ્ય-દ ટેવોની સાથે સાથે સંસ્કારનું સિંચન થાય તેવા બહુવિદ્ય હેતુસર શાળા આરોગ્ય સઝાહ નો નવીન અભિગમ અપનાવવામાં આવ્યો છે.શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અન્વયે ગાંધીનગર જિલ્લામાં તા ૧૩મી ડિસેમ્બર-૨૦૧૨ થી તા. ૧૯મી જાન્યુઆરી- ૨૦૧૩ દરમ્યાન જિલ્લાની આંગણવાડીઓ, -નથમિક અને માધ્યમિક શાળાઓ તથા શાળાએ ન જતા બાળકો મળીને કુલ-૧,૨૨,૫૩૧ બાળકોની આરોગ્યલક્ષી તપાસ કરવામાં આવી છે. શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગર જિલ્લાના ૩૦૦ ગામોને આવરી લઈ ઘનિષ્ઠ આયોજન જિલ્લા વહીવટી તંત્રના માર્ગદર્શનમાં જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા કરવામાં આવ્યું છે. જિલ્લામાં તા.૧૩/૧૨/૨૦૧૨ થી ૧૯/૦૧/૨૦૧૩ દરમ્યાન યોજાયેલા શાળા આરોગ્ય સઝાહ કાર્યક્રમમાં ૩૧૪- -નથમિક શાળાઓ, ૭૮- માધ્યમિક શાળાઓ, અને ૩૯૯- આંગણવાડી મળીને કૂલ-૭૯૧ શાળા-આંગણવાડીને આવરી લેવામાં આવી છે. આરોગ્ય કાર્યકરો દ્વારા -નથમિક શાળાના ૭૨,૯૭૩, માધ્યમિક શાળાના-૧૭,૩૨૧, આંગણવાડીના- ૩૧,૩૮૨ તથા શાળા-આંગણવાડીએ ન જતાં ૮૫૫ બાળકો મળીને કૂલ ૧,૨૨,૫૩૧ બાળકોના આરોગ્યની તપાસ કરવામાં આવી છે. તબીબી અદ્યિકારીશ્રીઓ દ્વારા ૮,૭૪૬ ખામીવાળા બાળકોની તપાસ કરવામાં આવી છે. સ્થળ પર ૮,૮૪૬ બાળકોને સારવાર આપવામાં આવી હતી.આરોગ્ય વિષયક સદ્યન તપાસ-સારવાર હેતુંથી બાળરોગ નિષ્ણાંત દ્વારા- ૧૨ બાળકો, આંખરોગ નિષ્ણાંત દ્વારા - ૨ બાળકો, ચામડીના નિષ્ણાંત દ્વારા- ૬ બાળકો અને કાન-નાક-ગળાના - ૨ બાળકોને તપાસવામાં આવ્યા છે. આરોગ્ય સઝાહ પાંચ દિનનો હોય છે. જેમાં -થમ દિને પાણીના સ્રોતની સફાઇ, ગામની સફાઇ અને વૃક્ષા રોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. બીજા દિવસે બાળકોની -નથમિક આરોગ્ય તપાસ જેવી કે ઉંચાઇ, વજન વગેરે કરવામાં આવે છે. ત્રીજો દિવસ પોષણદિન તરીકે ઉજવાય છે. આ દિવસે બાળ તદુરસ્ત હરિફાઇ, તંદુરસ્ત સગર્ભા હરીફાઇ, વાનગી હરિફાઇ, રેલી, ભવાઇ, પૌષ્ટિક વાનગી-દર્શન અને દાદા-દાદી સાથે બેઠક કરવામાં આવે છે.ચોથા દિવસે તબીબી અદ્યિકારી તેમજ તેઓની ટીમ દ્વારા બાળકોની આરોગ્ય તપાસ અને વાલી મીટીંગ કરવામાં આવે છે. પાંચમાં દિવસે સાંસ્કૃતિક -વૃતિનું આયોજન કરવામાં આવે છે. જેમાં આરોગ્યલક્ષી નાટક, ગીતો, કવિતા, આરોગ્યલક્ષી રમતો અને બાળકોને ત્સાહિત કરવા માટે ઇનામ વિતરણના કાર્યક્રમ યોજાય છે. જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમને સફળ બનાવવા માટે જિલ્લા આરોગ્ય અદ્યિકારી શ્રી ડૉ.વેદ, તબીબી અદ્યિકારીશ્રીઓ, આરોગ્ય કાર્યકરો અને શાળા શિક્ષણ ગણ જહેમત ઉઠાવી રહયાં છે.

સુભાષબાબુએ કહ્યું 'ચલો દિલ્હી' : લોગ જુડતે ગયે કારવાં બનતા ગયા

ભારતની આ ગૌરવંતી ધરાએ અનેક સપુતોને જન્મ આપ્યો છે. ભારતને અંગ્રેજોની ગુલામીમાંથી આઝાદ કરાવનાર એવા નેતાઓ જેને યાદ કરતા છાતી ગજ ગજ ફુલે છે. આજે ૨૩મી જાન્યુઆરી વાત એવા નેતાજીની કરવી છે જેને ભારતે ખરા અર્થમાં નેતાના ગુણોનું પ્રતિબિંબ જોયું. નિઃસ્વાર્થ નેતૃત્વ કરવાની એમની કળા આજે પણ વિસરી શકાય તેવી નથી. આઝાદ ભારતમાં આજે માત્ર સ્વાર્થનું સામ્રાજય પથરાયું છે ત્યારે ખુબ દુઃખ સાથે એ વાત સ્વીકારવી પડે છે કે આજના નેતાજીમાં તે વાત નથી રહી જે આપણને અંગ્રેજોની કાળી છાયામાંથી બચાવી અને લોકશાહીની છત્રછાયામાં વિહરતા કર્યા. આજે આવે ત્યારે માથે ટોપી, આંખે ચશ્મા અને એવો અવ્વલ દરજ્જાનો પોશાક પહેરી છાતી કાઢી ઊભેલો એ જુવાનનો ફોટો આંખો આગળ પ્રસ્થાપિત થાય જ છે. સુભાષચંદ્ર ઓરિસ્સા રાજયના કટક શહેરમાં ૨૩મી જાન્યુઆરી ૧૮૯૭માં જન્મયા. પિતાનું નામ જાનકીદાસ અને માતાજી પ્રભાવતી. સુભાષબાબુ તેમના માતાપિતાના પાંચમા સંતાન હતા.

સમન્વય

- અમિત રાવલ

આ શાળામાં તેમનાં શિક્ષકનું નામ વેણીમાધવ દાસ હતુ. વેણીમાધવ દાસ એમના છાત્રોમાં દેશભક્તિની આગ ભડકાવતા હતા. એમણે જ સુભાષમાં અંદરની સુપ્ત દેશભક્તિ જાગૃત કરી. ૧૯૨૧માં ઈંગ્લેન્ડ જઈ, સુભાષ ભારતીય સિવિલ સેવાની પરીક્ષા આપી અને તેમાં સફળતા હાંસિલ કરી. આ પરીક્ષા પછી પણ સુભાષે અંગ્રેજ સરકારની નોકરી કરવા માટે નન્નો ભણ્યો. તેમણે કહ્યું હું વિદેશી અંગ્રેજનું વેતરૂં કરવા નથી ભણ્યો. અને તેઓ ભારત પરત ફર્યા. આઝાદીની ચળવળ દરમિયાન સૌથી પ્રથમ વખતે ૧૯૨૧માં તેમને છ માસ માટે કારાવાસ થયો. જેલની કોટડી છ મહિના માટે સુભાષનું ઘર બની જેના અનુભવે સુભાષનું વ્રજ સમાન મનોબળ વધુ દૃઢ બન્યું. ૧૯૨૫માં ગોપીનાથ સાહા નામના એક ક્રાંતિકારી કોલકાતાના પોલીસ અધિક્ષક ચાર્લ્સ ટેગાર્ટને મારવા માગતા હતા. તેણે ભૂલથી અર્નેસ્ટ ડે નામના એક વ્યાપારીને મારી નાખ્યાં. આ માટે તેમને ફાંસીની સજા દેવાઈ. ગોપીનાથ ને ફાંસી થયા બાદ સુભાષબાબુ જોરથી રડ્યા. તેમણે ગોપીનાથનું શબ મંગાવી તેનું અંતિમ સંસ્કાર કર્યું. આથી અંગ્રેજ સરકારએ એવું નિષ્કર્ષ કર્યું કે સુભાષબાબુ જ્વલંત ક્રાંતિકારીઓ માત્ર સંબંધ જ નથી રાખતાં પઠાણના વેશમાં મહમદ ઝિયાઉદ્દીન નામ ધારણ કરી પોલીસને હાથતાળી આપી નાસવામાં સફળ રહ્યા...

૨૯ માર્ચ ૧૯૪૨ ના દિવસે જર્મનીના સર્વોચ્ચ નેતા એડોલ્ફ હિટલરને મળ્યા. હિટલરે લખેલા માઈન કામ્ફ નામના પુસ્તકમાં ભારતીયો વિશે લખેલાં ટીકાયુક્ત લખાણ બાબતે દુઃખ વ્યક્ત કર્યું. હિટલરે તેમની માફી માંગી અને નવી આવૃત્તિમાંથી તે ફકરો દૂર કરવાનું વચન આપ્યું. ૧૯૪૪માં આઝાદ હિંદ સરકારની કચેરી સિંગાપોરથી રંગૂન લાવી. ૧૯૫૭નાં સ્વતંત્રતા સંગ્રામના શહીદોની સમાધી સાક્ષીએ પ્રતિજ્ઞા લીધીકે ભારત આઝાદ ન થાય ત્યાં સુધી ન તો પોતે ઝંપશે ન દુશ્મનોને ઝંપીને બેસવા દેશે. ૪ ફેબ્રુઆરી ૧૯૪૪નો દિવસ એક ઐતિહાસિક દિવસ બન્યો. બન્યું એમ કે ચલો દિલ્હી ના સૂત્રો હવામાં ગુંજાઈ રહ્યાં હતા. સુભાષબાબુ અને શાહનવાજ મોખરે હતા. આ સેના દિલ્હીની દિશામાં આગેકૂચ કરી ચૂકી હતી. લોકો તેમાં જોડાઈ રહ્યા હતા. લોકોના લોહીમાં ભારતને અંગ્રેજો પાસેથી ટિઘિમ હાફ અને ઈમ્ફાલ કબજે લીધા. અન્ય ટુકડીઓએ ઉખરામ અને હુંગવેની રેલ્વે પર કબજો મેળવ્યો. એક ટુકડી સુમાં નદીની પેલે પાર પહોંચી. આસામના પાણી પુરવઠા પર કબજો મેળવતા અંગ્રેજો ત્યાંથી ભાગી ગયા. આમ સમગ્ર દેશમાં અંગ્રેજો વિરૂધ્ધનો પવન ફુંકાઈ રહ્યો હતો. તારીખ ૧૮ ઓગષ્ટ ૧૯૪૫ના દિવસે તેમને વિમાન દુર્ઘટના નડી અને તાઈવાનની ધરતી પર વિમાન તુટી પડવાથી નેતાજીએ દુનિયાને કાયમ માટે અલવિદા કહી. પણ હજુ સુધી નેતાજીનું મૃત્યુ એક વનોકેલ્યું રહસ્ય છે. આવા અવ્વલ દરજ્જાનાં નેતાને દિલથી સલામ.